
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**ડેડી મારા એજ્યુકેશન અને જોબની કોઈ જ ચિંતા કરતા નહીં... કોરોનાની ત્રીજી લહેર આવવાની છે અને માસ પ્રમોશન નક્કી છે... જોબનું તો વિચારવા જેવું જ નથી...!!**

# રાજ્યની ૫૩ હજારથી વધુ આંગણવાડીઓના ૧૪ લાખ ભુલકાંઓને મળશે આગવી ઓળખ

## આંગણવાડીનું બાળક પ્રારંભિક શિક્ષણના સંસ્કારથી સજ્જ બની ભવિષ્યનું તંદુરસ્ત-સંસ્કારી નાગરિક બને-પોષણયુકત-કૂપોષણમુકત સમાજનું નિર્માણ થાય એ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની ૫૩ હજાર ઉપરાંત આંગણવાડીઓના ૩ થી ૬ વર્ષના ૧૪ લાખ બાળકોને વિનામૂલ્યે ગણવેશ વિતરણનો પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે આંગણવાડીના બાળકો-ભુલકાંઓની હવે રાજયવ્યાપી એક વિશેષ ઓળખ અને આભા ઊભી થશે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે સાધન સંપન્ન વર્ગના બાળકો નર્સરી-પ્લેગૃપમાં જાય ત્યારે તેમને યુનિફોર્મથી આગવી ઈમેજ મળતી હોય છે. આવી જ આભા-ઈમેજ આંગણવાડીઓના બાળકોને પણ એકસમાન યુનિફોર્મથી મળતી થાય તેવી સંવેદના સાથે આ યોજના સરકારે શરૂ કરી છે.

રાજ્યના મહિલા-બાળ કલ્યાણ વિભાગે આ હેતુસર ૩૬.૨૮ કરોડ રૂપિયાની માતબર રકમનો ખર્ચ કરીને ૧૪ લાખ ભુલકાંઓને વિનામૂલ્યે ગણવેશ વિતરણનું આ અભિયાન આદર્યુ છે.



આંગણવાડીના ૧૪ લાખ ભુલકાંઓને બે જોડી ગણવેશ અન્વયે ૨૮ લાખ જોડી ગણવેશ વિતરણ રાજ્ય સરકાર વિનામૂલ્યે કરશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ ગણવેશ વિતરણના રાજયવ્યાપી કાર્યક્રમનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો. તેમણે પ્રતિક રૂપે પાંચ ભુલકાંઓને ગણવેશ વિતરણ કર્યુ હતું.

રાજ્યના વિવિધ મહાનગરો-નગરો અને જિલ્લા મથકોએથી વિડીયો કોન્ફરન્સ લીંક દ્વારા મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો, મેયરો અને જિલ્લા પંચાયત પ્રમુખો સહિતના પદાધિકારીઓ, આંગણવાડી ભુલકાંઓ સહભાગી થયા હતા.

જિલ્લા સ્તરે તેમજ નગરો-મહાનગરોમાં પણ મહાનુભાવોના હવે પ્રતિક રૂપે ગણવેશ વિતરણ કાર્યક્રમો કોરોના-કોવિડ સંક્રમણ નિયંત્રણ પ્રોટોકોલ, ગાઈડ લાઈન્સ સાથે જોડાયા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આંગણવાડી અને પોષણ પર ખુબ જ ધ્યાન આપ્યું હતું. બાળકો પ્રાથમિક શિક્ષણ લે તે પહેલા તેઓ પ્રારંભિક શિક્ષાથી પણ સક્ષમ બને તેની ચિંતા કરીને ૫૩ હજારથી વધુ આંગણવાડીઓને 'નંદઘર' નામ પણ નરેન્દ્રભાઈએ જ આપ્યું હતું. બાળક કૃષ્ણ બને તેની કલ્પના કરીને આંગણવાડી બહેનો યશોદા બનીને તેમને તૈયાર કરે અને બાળક મોટું થઈ સમજદાર નાગરિક તરીકે બને વધે એ પ્રકારે આંગણવાડીઓની નંદઘર તરીકે ઓળખ નરેન્દ્રભાઈ મોદીએ ઊભી કરી છે.

## ખૂણેખાંચરેથી

- આજે આંગણવાડીના બાળકોને ગણવેશ આપવાના કાર્યક્રમને લઈ પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલ કલેક્ટર કેચરી આવ્યા હતા.
- વાસણ ગામના અગ્રણી અને પૂર્વ સરપંચ મફાજી વાઘેલાનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આરોગ્ય, સેનીટેશન અને ટેક્ષ શાખાની કામગીરી અંગેની જાણકારી મેળવી અને સમીક્ષા કરી હતી.
- જિલ્લા બાળ સુરક્ષા એજન્સીની ૯મી જુલાઈએ બેઠક મળશે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના કેટલાક નેતાઓના સંપર્કમાં આપના આગેવાનો હોવાની વાતને લઈ રાજકારણ ગરમાયુ છે.
- ગાંધીનગર શહેરમાં છેલ્લા ૩ દિવસથી અધિકારીઓની બદલી જ ટોક ઓફ ધી ટાઉન બનેલ છે.
- આગામી મહિનામાં તા. ૧, ૨, ૭, ૧૩, ૧૫ જુલાઈએ લગ્નના મુહૂર્ત છે આને લઈ તેની તૈયારીમાં નગરજનો પણ વ્યસ્ત બન્યા છે.
- રાજ્ય સરકારે આજે ૭૦ જેટલા ગુજરાત વહીવટી સેવાના અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.
- સે. ૧૪ માં ગટર ઉભરાવવાની સમસ્યાથી લોકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે. ચોમાસુ આવતાં જ શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા માઝા મુકી રહી છે.
- માહિતી નિયામક કાલરિયા રજા પર જતાં તેમના હોદ્દાનો ચાર્જ સહકાર વિભાગના ડી.પી. દેસાઈને સોંપવામાં આવ્યો છે.

# ચરેડી છાપરા ખાતે યુવતિએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર શહેરના ઘ-૭ સર્કલ પાસે આવેલા ચરેડી છાપરા વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષિય વર્ષા નન્નુભાઈ સાદરીયા ભુરીયાએ તેના ઘરે છાપરામાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતું. મળતી માહિતી મુજબ પરિવારના સભ્યો છુટક મજુરી કરીને જીવન નિર્વાહ કરતા હતા. જયારે યુવતિના માતા-પિતા મધ્યપ્રદેશના જાંબુઆ ખાતે વતનમાં ગયા હતા. જયારે ઘરે યુવતિના નાના ભાઈ અને બહેન હતા.ત્યારે યુવતિએ અગમ્ય કારણોસર ઘરમાં રહેલા લાકડા સાથે દુપટ્ટો બાંધી મોત વ્હાલું કર્યું હતું. યુવતિએ આ પ્રકારનું પગલુ કેમ ભર્યું તે અંગે કોઈ ચોકક્સ કારણ જાણવા મળ્યું નથી. ત્યારે પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# માહિતી વિભાગની પ્રિલિમનરી પરીક્ષાની આન્સર કી મુકાઈ

ગાંધીનગર, તા. ૨૯

માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકની વિવિધ સંવર્ગની યોજાયેલી પ્રિલિમનરી પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ઓજસની વેબસાઈટ અને માહિતી નિયામક કચેરીની વેબસાઈટ પર મુકવામાં આવી છે.

માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકની નાયબ માહિતી નિયામક (વર્ગ-૧), સહાયક માહિતી નિયામક (સં) (વર્ગ-૨), સિનિયર સબ ઓડિટર (વર્ગ-૩) અને માહિતી મદદનીશ (વર્ગ-૩)ની જગ્યાઓ ભરવા માટે તા. ૨૭-૬-૨૦૨૧ના રોજ પ્રિલિમિનરી પરીક્ષા યોજાઈ હતી.

ઉપરોક્ત પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે કે આ પરીક્ષાના પ્રશ્નપત્રની પ્રોવિઝનલ આન્સર કી ઓજસ વેબસાઈટ ઉપર તથા માહિતી નિયામક કચેરીની વેબસાઈટ ઉપર મુકવામાં આવી છે. આ પ્રોવિઝનલ આન્સર કી અંગે જો કોઈ રજૂઆત કરવાની હોય તો તા. ૪-૭-૨૦૨૧ સુધીમાં નિયત નમૂનામાં ઈ-મેઈલથી ds.inb@gujarat.gov.in ઉપર મોકલી આપવાની રહેશે. તા. ૪-૭-૨૦૨૧ બાદ મળેલી રજૂઆત વિચારણામાં લેવામાં આવશે નહીં જેની નોંધ લેવા સર્વેને જણાવવામાં આવે છે.

## બાઈક પર જઈ રહેલા દંપતિને ખ-૬ પાસે અજાણી કારે ટક્કર મારતા ઈજા

ગાંધીનગર ડી માર્ટ માં ઘરની ચીજવસ્તુઓની ખરીદી માટે આવેલા મુબારકપુર ગામના અનિલકુમાર રમણભાઈ નાયી અને તેમના પત્ની ગતરોજ રાત્રીના સવા આઠ વાગ્યાના અરસામાં જઈ રહ્યા હતા તે સમયે અચાનક પુરપાટ ઝડપે ગફલતભરી રીતે અજાણી કારના ચાલકે કાર હંકારી બાઈક નં. જી.જે.૧૮.એ.કે.-૨૫૬૦ ને ટક્કર મારતા દંપતિ માર્ગ પર પટકાયા હતા. માર્ગ પર દંપતિ પટકાતા ઈજા પહોંચી હોવાથી તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન અનિલભાઈને ડાબા પગે ફ્રેકચર તેમજ તેમના પત્નીને માથાના ભાગે ઈજા પહોંચી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે અજાણી કારના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લાના ૩૫ હજારથી વધુ આંગણવાડીના બાળકોને ગણવેશ વિતરણ

ગાંધીનગર, તા. ૨૯

નાના ભુલકાઓમાં સંસ્કારનું સિંચન કરવાનું અને



પાયાનું શિક્ષણ આપવાનું ઉમદા કામ રાજયની આંગણવાડીમાં કરવામાં આવી રહ્યું છે તેવું આજરોજ ગાંધીનગર ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના ગણવેશ વિતરણ સમારંભમાં જિલ્લા પ્રભારી મંત્રી અને મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું.

આજે સમગ્ર રાજયની આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોને ગણવેશ વિતરણ યોજનાનો આરંભ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે ગાંધીનગર જિલ્લા કક્ષાના ગણવેશ વિતરણ કાર્યક્રમ મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં ગુજરાત એક એવું રાજય છે કે જયાં આંગણવાડીના બાળકોને ગણવેશ આપવામાં આવી રહ્યો છે. આ સરકારના શાસનમાં શિક્ષણ - આરોગ્યલક્ષી સેવાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય અને ગાંધીનગર મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનર ધવલ પટેલે પણ પ્રાસાંગિક ઉદ્દબોધન કર્યું હતું.

આ કાર્યક્રમમાં મંત્રી કૌશિકભાઈ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે



આંગણવાડીના ભુલકાઓને ગણવેશ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ગણવેશ કિટમાં ટૂથ પેસ્ટ, બ્રશ, સાબુ, સેનીટાઈઝર, માસ્ક અને બે જોડી ગણવેશ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગર (દ) ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત, ગાંધીનગર પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભી ગૌતમ સહિત આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.



**હેલ્પ એજ ઈન્ડિયા દ્વારા તૈયાર કરેલ અભ્યાસના અહેવાલનું વિમોચન**

વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે નિમિત્તે હેલ્પ એજ ઈન્ડિયા દ્વારા વડીલો પર થતા અત્યાચારો પર સમાજનું ધ્યાન અને કોરોના વાઈરસને કારણે વડીલો પર પડેલ અસરોનો હેલ્પ એજ ઈન્ડિયા દ્વારા તૈયાર કરેલ અભ્યાસના અહેવાલનું વિમોચન ગુજરાત રાજ્યના પોલીસ વડા આશિષ ભાટીયા દ્વારા કરવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં સિનિયર સિટીઝન પ્રતિનિધિના પ્રતિનિધિ અને પી.એલ.વી. જયરામભાઈ સોનીએ હાજરી આપી હતી.

# ગાંધીનગર સિવિલમાં કોલેજના ડીને ગેરકાયદે લગાવેલ એસી દૂર કરવા આદેશ કર્યો

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલી હોસ્ટેલમાં રહેતા ૩૮ ઈન્ટર્ન અને રેસિડન્ટ ડોકટરો દ્વારા પરવાનગી વિના જ પોતાના રૂમમાં એર કન્ડિશનર ફીટ કરી દેવામાં આવતા અચાનક જ લાઈટ બિલમાં વધારો નોંધાતા કૉલેજના ડીન દ્વારા ડોક્ટરોને નોટિસ ફટકારી તાકીદે એર કન્ડિશનર દૂર કરી દેવા નહીં તો રૂમ ખાલી કરી દેવા માટે આદેશો આપવામાં આવ્યા છે.

ગાંધીનગર મેડિકલ કોલેજમાં ફરજ બજાવતા ઈન્ટર્ન અને રેસિડન્ટ ડોકટરોને રહેવા માટે સિવિલ સંકુલમાં આવેલ પી.જી હોસ્ટેલમાં રૂમ ફાળવવામાં આવ્યા છે. કોરોના મહામારી દરમિયાન ઈન્ટર્ન અને રેસિડન્ટ ડોકટરો અભ્યાસની સાથે કોવિડ દર્દીઓની સારવારમાં સતત રોકાયેલા રહેતા હતા. દિવસ રાત પીપીઈ કીટ પહેરી રાખીને સિનિયર તબીબો સાથે દર્દીઓની તેમના દ્વારા સારવાર કરવામાં આવતી હતી.

ઉનાળાની કાળઝાળ ગરમી પડવાના કારણે પી.જી હોસ્ટેલમાં રહેતા તબીબો ગરમીમાં સેકાઈ જતાં હતાં. જે પૈકીના ૩૮ ડોક્ટરોએ પોતાના વિભાગ કે મેડિકલ કૉલેજના ડીનની મંજૂરી વિના જ પોતાના રૂમમાં એર કન્ડિશનરની સુવિધા ઉભી કરી દેવામાં આવી હતી. નિયમ મુજબ અભ્યાસ કરતા ઈનટર્ન અને રેસિડન્ટ ડોકટરો દ્વારા પરવાનગી વિના એસી લગાવી શકાય નહીં. તેમ છતાં ૩૮ ડોક્ટરોએ ગેરકાયદેસર રીતે પોતાના રૂમમાં એસી લગાવી દીધા હતા.

હોસ્ટેલનું વીજ બિલ વધી જવાથી કોલેજ તંત્ર દ્વારા વીજ બિલ વધવા પાછળનું કારણ જાણવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં હોસ્ટેલની ચકાસણી કરવામાં આવતા ૩૮ ઈન્ટર્ન અને રેસિડન્ટ ડોકટરો દ્વારા પોતાના રૂમમાં એસી ફીટ કરી દેવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. જેનાં કારણે વીજ બિલ વધુ આવતું હોવાનું પ્રાથમિક કારણ ધ્યાને આવ્યું હતું. આથી મેડિકલ કૉલેજના ડીન દ્વારા ૩૮ ડોક્ટરોને નોટિસ આપીને તાકીદે રૂમમાંથી એસી દૂર કરી દેવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે. આ અંગે મેડિકલ કૉલેજના ડીનનો સંપર્ક કરવામાં આવતા તેમણે ફોન રિસીવ કરવાનું ટાળ્યું હતું.

## ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પદે રાજેન્દ્ર ખીમાણીની નિમણૂંક

અમદાવાદ, તા. ૨૯

ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પદે પ્રખર ગાંધીવાદી



અને શિક્ષણ વિદ્ રાજેન્દ્ર ખીમાણીની નિમણૂંક કરવામાં આવી છે. તેઓએ આજે તેઓનો કાર્યભાર સંભાળી લીધો છે. છેલ્લા ત્રણ દાયકાથી અધ્યાપન ક્ષેત્રે વિશાળ અનુભવ ધરાવતા અને વર્ષો સુધી વિદ્યાપીઠના રજીસ્ટ્રાર તરીકે સફળ સેવાઓ આપનાર રાજેન્દ્ર ખીમાણીની નિમણૂંકને વિદ્યાપીઠના શિક્ષણજગતમાં આવકાર મળ્યો છે.

# દેશમાં જાતિય રેશિયોમાં ગુજરાત ૧૮મા સ્થાને ધકેલાયું

## ગુજરાતમાં ૨૦૧૯માં એક હજાર પુરૂષ બાળકો સામે ૯૦૧ સ્ત્રી બાળકોનો જન્મદર

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં બેટી બચાવો અને બેટી પઢાઓના નામે કરોડોનું આંધણ કર્યા પછી પણ દીકરીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. બેટી બચાવોની માત્ર વાતો જ થાય છે. પણ લોકો હજી દીકરીઓનું મહત્વ સમજતા નથી. જન્મ સમયે સેક્સ રેશિયો એટલે કે જાતિય રેશિયોમાં ગુજરાત એકદમ પાછળ છે. ગુજરાત છેક ૧૮મા સ્થાને છે. ગુજરાતમાં ૧૦૦૦ દીકરાઓ સામે દીકરીઓનું પ્રમાણ ૯૦૧ છે. જે બતાવે છે કે ગુજરાતમાં બેટી બચાવો બેટી પઢાવોના જે ગુનગાન ગવાય છે તેની કોઈ ખાસ અસર થઈ નથી. ગુજરાતમાં અનેક જ્ઞાતિ-સમાજો દીકરીઓના જન્મને વધાવવા માટે પ્રોત્સાહન આપે છે. જો કે ૨૦૧૭ થી ધીરે ધીરે સુધારો આવી રહ્યો છે. પણ આ સુધારો બહુ જ ધીમી ગતિનો છે. ગુજરાત વિકાસના મામલે આગળ છે પરંતુ સેક્સ રેશિયોમાં એકદમ પાછળ છે. ગુજરાતની કુલ વસ્તી ૭.૨૭ કરોડ છે. જેમાં ૩૭,૮૯૫,૫૮૪ પુરૂષો સામે ૩૪,૮૪૦,૬૬૨ મહિલાઓ છે. ગુજરાતમાં સેક્સ રેશિયો ૨૦૧૭માં ૮૯૮ હતો જે ૨૦૧૮ માં એક આંકડો ઘટીને ૮૯૭ થયો હતો. ૨૦૧૯ માં સામાન્ય સુધારા સાથે ૯૦૧ થયો છે. રાજ્યના અનેક સમુદાયોમાં જાગૃતિનો અભાવ રહેવાના કારણે છોકરાઓ સામે છોકરીઓનું પ્રમાણ નીચુ જોવા મળી રહ્યું છે. તે છતા તેમાં સુધારો થતો રહ્યો છે. પરંતુ હજી પણ બીજા રાજ્યો જેવી સફળતા ગુજરાતને મળી નથી.




છતાં કેટલાક તબીબો તથા માતા-પિતા આ દુરાચાર કરવા પ્રેરાય છે. જેને કારણે આજે સ્ત્રીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. જો આવુ ને આવું જ ચાલતું રહ્યું તો સંસારનું ચક્ર કેવી રીતે ચાલશે ? વહુ ક્યાથી આવશે ? જો વહુ જોઈએ છે તો દીકરીને જન્મ આપવો જ પડશે. જો વહુ નોકરી કરતી, ભણેલી ગણેલી જોઈતી હશે તો તેને શિક્ષણ આપવું જ પડશે. જો નારી શક્તિ નહી રહે તો આ સૃષ્ટિ પર જન્મદાતા કોણ બનશે ? આ સૃષ્ટિ કેવી રીતે ચાલશે ? વિચાર તો એ ડૉક્ટરોનો આવે છે કે જેઓ જે માતાની કૂખે જન્મ લીધો હશે તે માતા સ્ત્રી હતી. તેઓ પોતે એ વાત ભૂલી રૂપિયાના લોભમાં એવા આંધળા બની ગયા છે કે તે ગર્ભમાં રહેલ નિર્દોષ બાળકીને મોતને ઘાટ ઉતારી દે છે. પોતાના ગર્ભમાં રહેલ ભ્રૂણની હત્યા કરવાનું માતા ક્યારેય નથી વિચારતી પણ તેના પરિવારનું દબાણ તેમજ સમાજ અને ઘરનું વાતાવરણ આ પાપ કરવા તેને મજબૂર બનાવી દે છે. આજે સ્ત્રીઓ કોઈ પણ ક્ષેત્રમાં પાછળ નથી એટલે દીકરા દીકરી વચ્ચેનો ભેદભાવ દૂર થવો જ જોઈએ. દીકરા-દીકરી એક સમાન એ જ આપણો ધ્યેય મંત્ર હોવો જોઈએ. આ સિવાય સમાજમાં જન્મ તથા લગ્ન સમયના દહેજ પ્રથા જેવા કુરિવાજો નાબૂદ થવા જોઈએ જેથી આ ભેદભાવની જડ દૂર થઈ જાય. સમાજના આવા કુરિવાજો જ દીકરીના જન્મને ભારરૂપ બનાવે છે. આ માટે સરકારે પણ કડક કાયદા ઘડવા જોઈએ અને કડક અમલ કરાવવો જોઈએ.

જાતિ રિશેયોના મામલે ગુજરાત હરિયાણા અને પંજાબ રાજ્યો કરતા પણ પાછળ છે. આ બંને રાજ્યો ગર્ભપાત માટે કુખ્યાત છે. છતાં દીકરાઓની સરખામણીમાં દીકરીઓનું પ્રમાણ આ રાજ્યોમાં વધુ છે. જે વિજ્ઞાન આપણા માટે વરદાનરૂપ સાબિત થવું જોઈએ તે દીકરીઓના જન્મની બાબતમાં અભિશાપ બન્યુ હોય તેવું લાગે છે. હોસ્પિટલમાં આધુનિક સોનોગ્રાફી મશીનોને કારણે માતાના ગર્ભમાં જ ભ્રુણનું પરીક્ષણ કરવામાં આવે છે અને જો તે સ્ત્રી હોય તો તેની ભ્રુણહત્યા કરી દેવામાં આવે છે. આવું પાપ છેલ્લા કેટલાય દાયકાઓથી આચરવામાં આવી રહ્યું છે. જો કે સરકારે આને ગેરકાયદેસર જાહેર કર્યુ છે. લિંગ પરીક્ષણ કરવું એ ગુનો છે.

### આ રાજ્યોનો સેક્સ રેશિયો, ગુજરાત કરતા ઊંચો

| રાજ્ય | સેક્સ રેશિયો |
|---|---|
| કેરળ | ૯૬૦ |
| ઉત્તરાખંડ | ૯૬૦ |
| તેલંગણા | ૯૫૩ |
| કર્ણાટક | ૯૪૭ |
| ઓડિશા | ૯૪૭ |
| તમિલનાડુ | ૯૪૨ |
| પશ્ચિમ બંગાળ | ૯૪૧ |
| આંધ્રપ્રદેશ | ૯૩૮ |
| છત્તીસગઢ | ૯૩૧ |
| હરિયાણા | ૯૨૩ |
| હિમાચલ | ૯૧૮ |
| રાજસ્થાન | ૯૧૬ |
| પંજાબ | ૯૧૪ |
| જમ્મુ-કાશ્મીર | ૯૦૯ |
| મધ્યપ્રદેશ | ૯૦૫ |
| આસામ | ૯૦૩ |
| ગુજરાત | ૯૦૧ |